ॐ

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – ગુજરાત પ્રાંત

ડૉ. હેડગેવાર ભવન, બળીયાકાકા માર્ગ, જૂના ઢોર બજાર, કાંકરીયા, કર્ણાવતી – ૩૮૦૦૨૮

દૂરભાષ : - (૦૭૯) ૨૫૪૩૩૧૩૧, ૨૫૪૩૪૧૩૨

તિથિ : મહાવદ છઠ

દિનાંક : ૦૧/૦૩/૨૦૨૪

**પરમ સ્નેહી શ્રી...............................................**

**સસ્નેહ નમસ્કાર.**

આપણા સંઘકાર્યના વિકાસ અને વિસ્તારનો મુખ્ય આધાર કુશળ અને પ્રશિક્ષિત કાર્યકર્તાઓ છે. આવા કાર્યકર્તાઓનાં નિર્માણમાં સંઘ શિક્ષા વર્ગોનું વિશેષ મહત્વ છે. આ વર્ષે આ પ્રકારના ગુજરાતનાં સંઘ શિક્ષા વર્ગ (સામાન્ય) નું આયોજન ઉનાળાની રજાઓમાં કરવામાં આવેલ છે. આ વર્ગમાં આપ અપેક્ષિત છો. અવશ્ય ઉપસ્થિત રહેશો. વર્ગ માટેની અન્ય આવશ્યક સૂચનાઓ નીચે પ્રમાણે છે.

## સંઘ શિક્ષા વર્ગ (સામાન્ય)

**સમયાવધિ** : યુગાબ્દ ૫૧૨૬, વૈશાખ સુદ નવમી થી વૈશાખ વદ અગિયારસ સુધી.
દિ. ૧૭ મે ૨૦૨૪, શુક્રવાર બપોરે ૧૨ વાગ્યા સુધી વર્ગ સ્થાન પર પહોચવું.
દિ. ૦૨ જુન ૨૦૨૪, રવિવાર સવારે દીક્ષાંત સમારોહ પછી પરત જઈ શકાશે.

**શુલ્ક** : રૂ. ૭૦૦/- વિદ્યાર્થી કાર્યકર્તા માટે.
રૂ. ૧૦૦૦/- વ્યવસાયી કાર્યકર્તા માટે. (વ્યવસાયી કાર્યકર્તા વિશેષ સહયોગ કરી શકે)

**પ્રવેશપાત્રતા :**

- આયુ ૧૬ વર્ષથી ઓછી કે ૪૦ વર્ષથી અધિક ન હોવી જોઈએ (દિ.૧૮/૦૫/૧૯૮૪ થી ૧૭/૦૫/૨૦૦૮ વચ્ચે જન્મ થયો હોવો જોઈએ)
- પ્રાથમિક શિક્ષા વર્ગ શિક્ષિત અને ગટનાયક થી લઈને ઉપરના દાયિત્વમાં ન્યૂનતમ એક વર્ષ થી સક્રિય.
- ગણવેશ (દંડ સહિત) લઈને આવવું.
- (૧) "**ડૉ.હેડગેવાર**" લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે (૨) "**સંઘ ઔર સ્વતંત્રતા સંગ્રામ**" લેખક નરેન્દ્ર સહગલ, પુસ્તકનું વાંચન કરીને આવવુ.
- શાલેય વિધાર્થીઓએ "**ડૉ.હેડગેવાર**" પુસ્તક વાંચી ને આવવું પર્યાપ્ત છે.

**શારીરિક યોગ્યતા :** સમતામાં પૂરસ્સર / પ્રતિસર, સ્થિર સ્થિતિમાં વર્તન, સૂર્ય નમસ્કાર તથા દંડમાં શિરમાર, પ્રહાર માર આવડવા જોઈએ.

**બૌદ્ધિક યોગ્યતા** : પ્રાર્થના તથા એક ગીત કંઠસ્થ કરવું જરૂરી છે.

- **દક્ષિણ ગુજરાત** (નવસારી, સુરત મહાનગર, વડોદરા તથા નડિયાદ વિભાગનાં શિક્ષાર્થી બંધુઓ માટે)
- **વર્ગ સ્થાન : ક્રિસ્ટલ સાયન્સ સ્કુલ , મોટા સોનેલા ,મોડાસા રોડ, લુણાવાડા**
- વર્ગ સ્થાન લુણાવાડા થી મોડાસાના રોડ પર ૩ k.m ના અંતરે આવેલ છે.
- સંપર્ક સૂત્ર : નરેશભાઈ ત્રિવેદી (6355186981)

- **ઉત્તર ગુજરાત** (કર્ણાવતી પૂર્વ, કર્ણાવતી પશ્ચિમ, ગાંધીનગર, મહેસાણા તથા બનાસકાંઠા વિભાગનાં શિક્ષાર્થી બંધુઓ માટે)
- **વર્ગસ્થાન : શ્રી બી.કે. આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર** માતૃશ્રી આર. વિ. ભટોળ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ,બનાસ ડેરી પાછળ, લાલાવાડા-જગાણા રોડ, લાલાવાડા, પાલનપુર
- <u>વર્ગ સ્થાનનું અંતર :</u>
- સંપર્ક સૂત્ર : હરેશભાઈ પટેલ (9428980615)

**ભવદીય**
**શૈલેષ પટેલ**
**(પ્રાંત કાર્યવાહ)**

## અન્ય સૂચનાઓ

- ગણવેશ ઉપરાંત પ્રભાત સંઘ સ્થાન માટે એક જોડી ચડ્ડી (ઢીંચણ થી ઉપર સુધીની ખાખી કે અન્ય રંગની) અને શર્ટ/ ટીશર્ટ સાથે લાવવું જરૂરી છે. (બરમુડા પ્રકારની ઈલાસ્ટીક કે નાડાવાળી ચડ્ડી લાવવી નહીં.)
- પોતાના માટે આવશ્યક ઓઢવાનું, પાથરવાનું, થાળી, વાટકો, ગ્લાસ, નોટબુક, પેન, ન્હાવા-ધોવાનો તથા દાઢીનો સામાન, બુટ પોલીશ માટેનું બ્રશ, પોલીશની ડબ્બી વગેરે સાથે લાવવાં.
- ઘોષ આવડે છે એવા શિક્ષાર્થીએ પોતાનું વાદ્ય સાથે લઈને આવવું.
- ગીત ગાવાનો અભ્યાસ છે તેવા શિક્ષાર્થી બંધુઓ બૌદ્ધિક વિભાગ સૂચન કરે એ ગીતો કંઠસ્થ કરીને વર્ગમાં આવે જેથી બૌદ્ધિક વર્ગમાં વૈયક્તિક અને એકલ ગીત ગાવામાં ઉપયોગી બનશે.
- કિંમતી વસ્તુઓ જેવીકે સોનાના દાગીના, મોબાઈલ ફોન, કેમેરા વગેરે સાથે લાવવાં નહીં. લાવ્યા હશે તો જમા કરાવવાના રહેશે.
- સંઘ શિક્ષા વર્ગમાં આપણે સૌ સંઘકાર્યની સાધના કરવા માટે આવવાના છીએ. સાધનાના આ સમય દરમિયાન વર્ગમાંથી દૂરભાષ કરવાની વ્યવસ્થા રહેશે નહીં. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. અનિવાર્ય હશે તો દૂરભાષથી આવેલ સંદેશ શિક્ષાર્થીને પહોંચાડવામાં આવશે.
- વર્ગસ્થાન પર સંઘ સાહિત્ય ઉપલબ્ધ રહેશે. તે માટે જરૂરી રોકડ રકમ લાવવી ઉપયોગી રહેશે.
- વૈદ્યકીય પરીક્ષણ પોતાના સ્થાનેથી કરાવીને આવવું. વર્ગ પ્રારંભમાં પ્રમાણપત્ર જમા કરાવવું અનિવાર્ય છે.
- પોતાનો વ્યક્તિગત પરિચય પત્ર જીલ્લા કાર્યવાહને દિ. ૩૦ – એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં જમા કરાવવાનું રહેશે.